| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | ૧૪–૦૩–૨૦૧૯ |
| કેસ નોંધણી તારીખ | ૧૪–૦૩–૨૦૧૯ |
| કેસ ફેંસલ તારીખ | ૨૧–૦૯–૨૦૨૧ |

| | | | |
|---|---|---|---|
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

---

મહેરબાન તાપીના સેશન્સ જજ (શ્રી એસ.વી.વ્યાસ) સાહેબની કોર્ટમાં, મું. વ્યારા.

---

<u>સેશન્સ કેસ નં.૧૦/૨૦૧૯</u>

આંક:–

ફરીયાદી :– **શ્રી સરકાર............**

....વિરૂધ્ધ....

આરોપીઓ:– (૧) દિલીપભાઈ રમેશભાઈ ગામીત,
ઉ.વ.આ.૩૬,
(૨) રમેશભાઈ નુરીયાભાઈ ગામીત,
ઉ.વ.આ.પર,
રહે.બંને મીરકોટ, રેલ્વે ફળીયુ,
તા.ઉચ્છલ, જી.તાપી.

| |
|---|
| ફરીયાદી શ્રીસરકાર તરફે વિ. સરકારી વ.શ્રી એસ.બી.પંચોલી/આર.બી.ચૌહાણ |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી વી.એન.ચૌહાણ (લીગલ એઈડ) |

---

ગુનો :– ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૧૧૪ તથા જી.પી.એકટ–૧૩૫ મુજબ...

---

## <u>–:: ચૂકાદો ::–</u>

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, તા.૨૨/૧૦/૨૦૧૮ના રોજ કલાક ૧૭/૦૦ ના સુમારે મોજે મીરકોટ ગામે રેલ્વે ફળીયામાં આરોપીઓના ઘરની સામે આવેલ રસ્તા ઉપર આ કામના ફરીયાદી પાસે રહેલ તેના બાપ દાદાની જમીનના ભાગ બાબતેની અદાવત રાખી ફરીયાદીને મારી નાખવાના ઈરાદે આરોપી નં.૧એ ફરીયાદીને માથાના પાછળના ભાગે કુહાડીનો ઘા કરી ફરીયાદીને ગંભીર ઈજા પહોંચાડી તેમજ આરોપી નં.૨એ

ફરીયાદીને મોઢાના ભાગે તથા જમણી આંખના ઉપરના ભાગે લાકડીના સપાટા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી મારી નાખવાની કોશીશ કરી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાનો ભંગ કરી એકબીજાની મદદ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૧૧૪ તથા જી.પી.એકટ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે. આ બનાવની ફરીયાદ ઉચ્છલ પોલીસ સ્ટેશનમાં આપતા ફર્સ્ટ ગુના રજી.નં.૪૭/૨૦૧૮થી ગુનો દાખલ થયેલ છે.

(૨) આ કામે પોલીસ તપાસ પુર્ણ થયા બાદ ત.ક.અધિકારી ધ્વારા હાલના આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૧૧૪ તથા જી.પી.એકટ–૧૩૫ મુજબના ગુનાનું ચાર્જશીટ હકુમત ધરાવતી મેજીસ્ટ્રેટ કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કેસ ચલાવવાની સત્તા સેશન્સ કોર્ટને હોઈ વિ.જયુ.મેજી.શ્રીએ ક્રિમીનલ કોડની કલમ ૨૦૯ મુજબ આ અદાલતમાં કમીટ કરેલ છે.

(૩) આ કેસમાં હાલના આરોપીઓ વિરૂધ્ધ આંક–૧૬થી તહોમતનામું ફરમાવેલુ છે અને આંક–૧૭ તથા આંક–૧૮થી પ્રાથમિક નિવેદન નોધવામાં આવેલ છે. આરોપીઓએ ગુનાની કબુલાત કરેલ નથી. જેથી આ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષ તરફથી નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**–: મૌખિક પુરાવા :–**

| સાહેદ નંબર | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૨૦ | અનિતાબેન સતિષભાઈ ગામીતની જુબાની | સાહેદ |
| ૨ | ૨૨ | શુકકરીયાભાઈ નુરીયાભાઈ ગામીતની જુબાની | ફરીયાદી |
| ૩ | ૨૪ | મંજુલાબેન શુકકરીયાભાઈ ગામીતની જુબાની | સાહેદ |
| ૪ | ૩૦ | પ્રકાશભાઈ ધીરૂભાઈ ઝાલા (હે.કો.)ની જુબાની | સાહેદ |
| ૫ | ૩૧ | રાજસંગ હિરાભાઈ લોહ (પી.એસ.આઈ) ની જુબાની | ત.ક.અધિકારી |
| ૬ | ૩૭ | વિજયભાઈ કરમશીભાઈ દેસાઈ(પી.એસ.આઈ)ની જુબાની | ત.ક.અધિકારી |

## –: દસ્તાવેજી પુરાવા :–

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૨૩ | અસલ ફરીયાદ |
| ૨ | ૨૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૨૬ | ફરીયાદીના કપડા કબજે કર્યાનું પંચનામું |
| ૪ | ૨૭ | આરોપીઓની શરીર સ્થિતિનું તથા ગુનાના કામે ઉપયોગમાં લીધેલ હથિયાર કબજે કર્યાનું પંચનામું |
| ૫ | ૨૮ | ફરીયાદીનું સારવાર સર્ટીફીકેટ |
| ૬ | ૩૨ | એફ.એસ.એલ.અધિકારીનો સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૭ | ૩૩ | ગામ નમુના નંબર ૮–અ નો ઉતારો |
| ૮ | ૩૮ | એફ.એસ.એલ. ની રવાનગી નોંધ તથા પહોંચ |
| ૯ | ૩૯ | હથિયારબંધીના જાહેરનામાની નકલ |
| ૧૦ | ૪૦ | એફ.એસ.એલ. નો પત્ર |
| ૧૧ | ૪૧ | બાયોલોજી પરીક્ષણ અહેવાલ |
| ૧૨ | ૪૨ | સીરોલોજીકલ પૃથકકરણ અહેવાલ |

(૫) આ કામે આંક–૪૪થી લેખિત પુરસીસ આપી ફરિયાદપક્ષ ધ્વારા પોતાનો પુરાવો પુરો થયેલાનું જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૩૧૩ મુજબ આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીઓએ સોગંદ ઉપર પુરાવો આપવો નથી અને બચાવમાં કોઈ સાહેદ તપાસવા નથી તેમ જણાવેલ છે.

(૬) આ કેસમાં મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ સાબિત કરે છે કે, ફરીયાદી અને તહોમતદારો વચ્ચે અગાઉ વડીલોપોર્જીત જમીનની ઘરમેળે વહેંચણી થઈ ગયેલ હોવા છતાં તા.૨૨/૧૦/૧૮ ના રોજ કલાક ૧૭/૦૦ વાગ્યાના સુમારે મોજે મીરકોટ ગામે રેલવે ફળીયામાં તહોમદારોના ઘરની સામે આવેલ રસ્તા ઉપરથી ફરીયાદી પસાર થતા હતા તે વખતે ફરીયાદી પાસે રહેલ જમીનના ભાગ બાબતેની અદાવત રાખી ફરીયાદીને મારી નાખવાના ઈરાદે તહોમતદાર નં.૧એ ફરીયાદીને જમણા કાનની પાછળ માથાના પાછળના ભાગે કુહાડીનો ઘા કરી ગંભીર ઈજા પહોંચાડેલ તેમજ તહોમતદાર નં.૨એ ફરીયાદીને મોઢાના ભાગે તથા જમણી આંખના ઉપરના ભાગે

લાકડીના સપાટા મારી ગંભીર ઈજાઓ પહોંચાડેલ. જો શુકરીયાભાઈ નુરીયાભાઈ ગામીતનું મૃત્યુ નીપજયુ હોત તો આરોપીઓ ખુનના ગુના માટે દોષિત ઠરત તેમ જાણવા છતાં કુહાડી તથા લાકડીનો ઉપયોગ કરી ગંભીર ઈજાઓ પહોંચાડી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ. આમ કરી તમોએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭ તથા ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું ફરીયાદપક્ષ સાબિત કરે છે કે, ઉપરોકત તારીખે અને સમયે આરોપીએ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, તાપીનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં મારક કુહાડી તથા લાકડી જેવું હથિયાર ધારણ કરી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ ધારાની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે?

૩. શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગે મારો નિર્ણય નીચે દર્શાવેલા કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નંબર : ૧ તથા ૨:–**

(૮) ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા ફરિયાદપક્ષે વિ.સરકારી વકીલશ્રીની તથા બચાવપક્ષે વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી.

(૯) રેકર્ડ ઉપર આવેલ હકીકતો અને પુરાવાનો ગુણદોષ ઉપર નિર્ણય કરવામાં આવે તે પહેલા ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંતો તરફ દ્રષ્ટિપાત કરવામાં આવે તો કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફોજદારી કેસમાં આરોપી સામે ફરિયાદપક્ષે આક્ષેપાયેલ ગુનો નિ:શંક રીતે પડેલ પુરાવાથી પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હોય છે. આરોપી સામેના ગુનાની સાબિતીનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે. ફરિયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપ કે ગુનો સાબિત કરવા સંપૂર્ણ અને સજજડ પુરાવાઓ આપવાના રહે છે અને આરોપીએ તો માત્ર મૌન જ

રાખવાનું છે. આરોપીના બચાવની નબળાઈનો લાભ ફરિયાદપક્ષ ઉઠાવી શકે નહી. ફોજદારી કેસમાં પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે અદાલતે એક માનસિક કસરત કરવાની હોય છે અને પુરાવાઓનું મુલ્યાંકન સામાન્ય સમજણ ધરાવતી વ્યકિત કરે તે રીતે કરવાનું હોય છે. દરેક કેસ પોતાની હકીકત, પડેલ પુરાવો તેમજ કેસના ગુણદોષ ઉપર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકન બાબતે કાયદામાં કોઈ ચોકકસ પ્રકિયા જણાવવામાં આવેલી નથી. તે જ રીતે પુરાવાની ગુણવત્તા અને સાહેદોની વિશ્વસનીયતા અદાલતે ધ્યાનમાં રાખવાની હોય છે. સાહેદોની સંખ્યા કે પુરાવાનો જથ્થો અગત્યતા ધરાવતું નથી. માત્ર એક જ માનવાલાયક કે વિશ્વાસપાત્ર સાહેદના પુરાવા આધારે ફરિયાદપક્ષનો કેસ સાબિત માની આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. સંખ્યાબધ્ધ સાહેદો કે જથ્થાબંધ પુરાવો રજુ કરવાનું ફરિયાદપક્ષ માટે જરુરી નથી. ન્યાયશાસ્ત્રના સુસ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી સામે આક્ષેપાયેલ ગુનાના સંદર્ભમાં આરોપી સામેનું તહોમતનામુ શંકારહિત, સચોટ, સંપૂર્ણ અને સજજડ પુરાવાથી પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષે નિભાવવાની છે. જો આરોપી પોતાનો સ્પષ્ટ બચાવ લેતા હોય અગર તો બનાવ સમયે બનાવ સ્થળે હાજર ન હતા તેવો બચાવ લેતા હોય તો તે સંદર્ભે આરોપીએ કેટલાક અંશે પુરાવો રજુ કરવો પડે. આરોપીએ પોતાનો બચાવ ફરિયાદપક્ષ માફક શંકારહિત સાબિત કરવાનો નથી પરંતુ શકયતા પર આધારિત બચાવ સાબિત કરવાનો રહે છે. હાલના કેસમાં આરોપીએ બચાવના સાહેદો તપાસેલ નથી કે આરોપીએ જાતે કોઈ પુરાવો આપેલ નથી. તે સંજોગોમાં ફરિયાદપક્ષે આરોપી સામેનું આરોપનામું શંકારહીત સાબિત કરવુ પડે. નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ છે કે, જો ફરિયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉત્પન્ન થતી હોય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર થતો હોય છે. જયારે ફરિયાદપક્ષના ખુદના કેસમાં ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવામાંથી જો શંકા ઉત્પન્ન થતી હોય, અગર તો ઉદ્દ્ભવતી હોય, તેવી શંકાને વ્યાજબી શંકા કહી શકાય અને તેનો લાભ આરોપીને મળી શકે. પરંતુ શકયતાઓ આધારીત, અટકળો આધારીત ઉભી કરાયેલી શંકાને વ્યાજબી શંકા કહેવાય નહી અને તેનો લાભ આરોપીને મળે નહી. આરોપીએ ''ગુન્હો કર્યો છે'' અને ''ગુન્હો કર્યો હશે'' તે બંન્ને વચ્ચે ઘણુ જ લાબુ અંતર રહેલુ છે અને આવુ લાંબુ અંતર ફરિયાદપક્ષે જ સચોટ અને શંકારહિત પુરાવો રજુ કરીને કાપવાનું હોય છે. આમ, કાયદો ફરિયાદપક્ષ પાસે શ્રેષ્ઠ પુરાવાની અપેક્ષા રાખે છે. ફોજદારી ન્યાયશાસ્ત્ર મુજબ વ્યાજબી શંકાનો લાભ અને શ્રેષ્ઠતમ

પુરાવાની અપેક્ષા એ બે અભિગમો પ્રવર્તે છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપી વિરુધ્ધ ગમે તેટલી મજબુત શંકા હોય તો પણ શંકા એ શંકા જ રહે છે અને શંકા કદી પુરાવાનું સ્થાન લઈ શકતી નથી. વળી ન્યાયાધીશે બે પ્રકારની ભૂમિકાઓ અદા કરવાની હોય છે. જેમાં એક નિર્દોષ વ્યકિતને ખોટી રીતે સજા ન થઈ જાય તે જોવાનું રહે છે, બીજી બાજુ દોષીત વ્યકિત ગુનામાંથી તે છટકી ન જાય તે પણ જોવાનું હોય છે. ન્યાયાધીશે સત્યનું શોધન કરવાનું હોય છે. નાની મોટી વિસંગતતાઓ કે વિરોધાભાસોને અવગણવાની હોય છે અને કાયદેસરના અને મહત્વના પુરાવાઓને હંમેશા નજર સમક્ષ રાખવાના હોય છે. દરેક કેસમાં નાની મોટી વિસંગતતા કે વિરોધાભાસો આવતા જ હોય છે, પરંતુ જો આવી વિસંગતતા કે વિરોધાભાસો ફરિયાદપક્ષનાં કેસને મુળમાંથી અસર કરતા ન હોય તો તેની અવગણના કરવાની હોય છે. દરેક સાહેદની વર્તણુંક, સ્મરણશકિત, વિચારવાની શકિત અને અવલોકન શકિત જુદી જુદી હોય છે. આ સંજોગોમાં અદાલતે ખાણીયાની જેમ કામગીરી હાથ ધરી કાયદેસરના પુરાવાઓને ધ્યાને લેવાના હોય છે. આ તમામ પાયાના સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી આ અદાલત હાલના કેસનો ન્યાયિક નિર્ણય કરવામાં આવી રહેલ છે.

(૧૦) ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિઓને ધ્યાને રાખીને આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાઓનો અભ્યાસ કરવામાં આવે તો ફરીયાદપક્ષે આંક–૨૦થી સાહેદ અનીતાબેન સતીષભાઈ ગામીતનો મૌખિક પુરાવો આપેલો છે. આ સાહદે આ બનાવમાં ઈજાપામનાર શુકકરીયાભાઈ ગામીતની દીકરી થાય છે. આ સાહેદની જુબાની જોતા ફરીયાદવાળો બનાવ ત્રણેક વર્ષ પહેલા સાંજના સમયે બનેલો હતો અને તે સમયે આ સાહેદ તથા તેની માતા ઘરે હતા અને ફરીયાદીનો બુમાબુમનો અવાજ આવતા આ સાહેદ તથા તેની માતા સ્થળ પર દોડી ગયેલા અને તે સમયે ઈજાપામનાર રસ્તા પર લોહીલુહાણ હાલતમાં પડેલા હતા અને તેને ઘરે લાવવામાં આવેલા હતા તેવી હકીકત જણાવેલ છે. વધુમાં આ સાહેદે જુબાનીમાં જણાવેલ છે કે જમીન બાબતે ઝઘડો કરી આરોપીઓએ કુહાડીથી મારેલ હોવાની હકીકત ઈજાપામનારે જણાવેલ હતી અને ત્યારબાદ ઈજાપામનારને સારવાર અર્થે હોસ્પીટલમાં લઈ ગયેલા તે અંગેની હકીકતો જુબાનીમાં જણાવેલ છે. વધુમાં આરોપી રમેશભાઈ નુરીયાભાઈ ઈજાપામનારના મોટાભાઈ થાય છે અને આરોપી દિલીપભાઈ રમેશભાઈ

તે આરોપી રમેશભાઈ નુરીયાભાઈના દીકરા થાય છે તેવી હકીકત જણાવેલ છે.

આ સાહેદની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસ જોતા બનાવના દિવસે તેના પિતા સાંજે ખેતરે ગયેલા અને સાડાપાંચેક વાગ્યાના અરસામાં ઘરે પરત આવતા હતા તેવી હકીકત સ્વીકારે છે. વધુમાં પોતાના ફળીયામાં અન્ય રહેણાંક મકાન આવેલા છે અને બનાવ સમયે રોડનું કામકાજ ચાલતુ હતું તે હકીકત સ્વીકારે છે. વધુમાં ઈજાપામનારને મારતા હોય તેવો બનાવ પોતે નજરે જોયેલ નથી તેવી હકીકત પણ સ્વીકારે છે. વધુમાં પોતાના પિતાને ચાર ભાઈઓ છે અને ભાઈઓ વચ્ચે જમીનની વહેંચણી થયેલી છે અને દરેક ભાઈઓ પોતાના ભાગે આવતી જમીન ખેડે છે તે હકીકત સ્વીકારે છે. વધુમાં પોતાના દાદી પોતાની સાથે રહે છે અને દાદીના ભાગની જમીન આરોપી દિલીપભાઈ ખેડતા હતા તે હકીકત સ્વીકારે છે. આ સિવાય ઈન્કાર કરી શકાય તેવા સવાલો પુછવામાં આવેલ છે.

(૧૧) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૨થી ફરીયાદી શુકકરીયાભાઈ નુરીયાભાઈ ગામીતનો મૌખિક પુરાવો રજુ થયેલ છે. તે જોતા આ બનાવમાં તેઓ ઈજાપામનાર છે. વધુમાં તેઓ ચાર ભાઈઓ અને ચાર બહેન છે અને પોતાના પિતાની જમીનની ભાઈઓ વચ્ચે મૌખિક રીતે વહેંચણી થઈ ગયેલ છે. વધુમાં આ સાહેદની જુબાની જોતા બનાવ અગાઉ ત્રણેક વર્ષ પહેલા જમીન બાબતે ઝઘડો થયેલો અને પોતાની માતાની જમીનમાં શેરડી કરેલ હોય તેમાં પાણી વાળવા ગયેલા અને સાંજના ઘરે પરત આવતા હતા ત્યારે પાછળથી માથામાં કોઈ બોથડ પદાર્થ વાગતા ઈજા થયેલ અને જમીન પર નીચે પડી ગયેલા અને બેભાન થઈ ગયેલા તેવી હકીકત જણાવેલ છે. વધુમાં તેઓ સુરત નવી હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ હતા ત્યારે ભાનમાં આવેલ અને પોતાની પત્ની તથા દીકરી અનીતા સારવાર માટે લાવેલા તેવી હકીકત જણાવેલ છે. વધુમાં આ બનાવમાં તેઓને કોણે મારેલ તે ખબર નથી અને આ બનાવની ફરીયાદ પોતે આપેલી તેવી હકીકત જણાવેલ છે. આ સાહેદની જુબાનીમાં આંક–૨૩થી પોલીસ ફરીયાદ રજુ થયેલ છે. વધુમાં આ સાહેદે પોતાને જે હથિયારથી ઈજા કરવામાં આવેલ તે જોયેલ ન હોવાથી ઓળખી શકે નહી તેવી હકીકત જણાવેલ છે. વધુમાં આરોપી દિલીપભાઈ પોતાના ભત્રીજા થાય છે અને આરોપી રમેશભાઈ પોતાના મોટાભાઈ થાય છે તેવી હકીકત જણાવે છે અને અદાલત સમક્ષ જુબાની સમયે ઓળખી બતાવેલ છે. વધુમાં

બનાવ સમયે ખેતરેથી ઘરે આવતા હતા ત્યારે રસ્તામાં આરોપીઓ અચાનક પાછળથી દોડી આવી આરોપી રમેશભાઈએ લાકડી વડે તથા આરોપી દિલીપભાઈએ કુહાડી વડે ઈજા પહોંચાડેલ હોય તેવુ બનેલ નથી તેવી હકીકત જણાવેલ છે.

આ સાહેદે ફરીયાદપક્ષના કેસને અને ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી. જેથી વિ.સરકારી વકીલશ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને ત્યારબાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી માંગતા અદાલતે પરવાનગી આપેલ છે અને ત્યારપછીની જુબાનીમાં પણ આ સાહેદે ફરીયાદપક્ષના કેસને કે પોલીસ ફરીયાદની હકીકતોને સમર્થન આપેલ નથી.

આ સાહેદની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસ જોતા બનાવ સમયે પોતાના ઉપર પાછળના ભાગેથી હુમલો કરેલો હોય ઈજા કોણે કરેલ તે ખબર નથી તેવી હકીકત સ્વીકારે છે. વધુમાં તૈયાર લખેલ ફરીયાદ પોલીસ લાવેલ અને તેમાં ડાબા હાથના અંગુઠાનું નિશાન કરવાનું કહેતા કરી આપેલ અને ફરીયાદ હકીકત પોતે લખાવેલ હોય તેવુ બનેલ નથી તેવી હકીકત સ્વીકારે છે. વધુમાં પોતાની પત્નીએ આ ઈજા કોણે કરેલ તે બાબતે કોઈ હકીકત કહેલ નથી અને પોતે ડોકટરને કઈ રીતે ઈજા થયેલ તે અંગે કોઈ હકીકત જણાવેલ નથી અને પોતાના ઘરના સભ્યોએ પણ આરોપીઓએ ઈજા કરેલ છે તેવી માહિતી ડોકટરને આપેલ હોય તેવુ બનેલ નથી તેવી હકીકત સ્વીકારે છે. વધુમાં પોતાના પિતા ત્રીસેક વર્ષ પહેલા અવસાન પામેલ છે અને માતા સોનીબેન પોતાની સાથે રહે છે અને તેના ભાગે આવેલ જમીન પૈકી બે કયારી પોતે ખેડે છે અને ભાઈઓ વચ્ચે ખેતીની જમીનની વહેંચણી થઈ ગયેલ છે અને પોતાના ભાગે સાતેક કયારીઓ આવેલ છે તેવી હકીકત સ્વીકારેલ છે. વધુમાં પોતાની માતાના ભાગમાં આવેલ જમીન બાબતે બનાવ અગાઉ ઝઘડો થતા પંચ ભેગુ કરેલુ અને તેમાં બે કયારી પોતાને ખેડવા આપવી તેવુ સમાધાન થયેલુ અને ત્યારપછી આરોપીઓએ પોતાની સાથે કયારેય ઝઘડો તકરાર કરેલ હોય તેવુ બનેલ નથી અને ફરીયાદવાળા બનાવ પછી પણ આરોપીઓએ કયારેય ઝઘડો તકરાર કરેલ નથી અને એકબીજાના ઘરે વાર–તહેવારે જવા આવવાના વ્યવહાર છે અને કોઈ ઝઘડો તકરાર કે મન દુ:ખ નથી તેવી હકીકત સ્વીકારે છે.

(૧૨) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૪થી સાહેદ મંજુલાબેન શુકકરીયાભાઈ ગામીતનો મૌખિક

પુરાવો રજુ થયેલ છે. તે જોતા આ બનાવમાં ઈજાપામનાર સાહેદ તેઓના પતિ થાય છે અને તેણીના સાસુ પોતાની સાથે રહે છે અને પોતાની સાસુના ભાગની બે કયારી જમીન પોતાના પતિ ખેડતા આવેલા છે અને તે બે કયારી જમીન બાબતે આરોપીઓ સાથે ત્રણેક વર્ષ પહેલા ઝઘડો થયેલો અને તેમાં ગામ રાહે સમાધાન થયેલ તેવી હકીકત જણાવેલ છે. વધુમાં તા.૨૨/૧૦/૨૦૧૮ના રોજ તેણી ઘરે હતી અને ફરીયાદી ખેતરમાં પાણી વાળવા ગયેલા અને સાંજના પાંચેક વાગ્યે ઘરે આવતા હતા ત્યારે તેઓને પાછળથી માથામાં કોઈકે ઈજા કરેલ અને તેઓ જમીન પર નીચે પડી ગયેલ હતા અને બેભાન જેવા થઈ ગયેલા અને બુમાબુમ કરતા ફળીયાના રાજેશભાઈએ ૧૦૮ને ફોન કરતા ઈજાપામનારને તેમાં સોનગઢ ખાતે સારવાર માટે લઈ ગયેલા અને ત્યાંથી વ્યારા અને ત્યારબાદ સુરત રીફર કરતા સારવારમાં દવાખાને લઈ ગયેલા અને ત્યાં ઉચ્છલ પોલીસ સ્ટેશનના માણસો આવતા ફરીયાદીએ ફરીયાદ આપેલ અને પોલીસે તેણીનું નિવેદન લીધેલ તેવી હકીકત જણાવેલ છે. વધુમાં આરોપી દિલીપભાઈ પોતાના ભત્રીજા છે અને આરોપી રમેશભાઈ તેણીના જેઠ થાય છે તેવી હકીકત જણાવેલ છે અને કોર્ટ સમક્ષ જુબાની સમયે તેઓને ઓળખી બતાવેલ છે. વધુમાં બનાવ સમયે ફરીયાદી ખેતરેથી ઘરે આવતા હતા ત્યારે રસ્તામાં આરોપીઓ અચાનક પાછળથી દોડી આવી આરોપી રમેશભાઈએ લાકડી વડે તથા આરોપી દિલીપભાઈએ કુહાડી વડે ફરીયાદીને ઈજા પહોંચાડેલ હોય તેવુ બનેલ નથી તેવી હકીકત જણાવેલ છે.

આ સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન કે પોલીસ તપાસ દરમ્યાન લેવામાં આવેલ પોલીસ નિવેદનની હકીકતોને આપેલ નથી. જેથી વિ.સરકારી વકીલશ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને ત્યારબાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી માંગતા અદાલતે પરવાનગી આપેલ છે અને ત્યારપછીની જુબાનીમાં પણ આ સાહેદે ફરીયાદપક્ષના કેસને કે પોલીસ તપાસ દરમ્યાન લેવામાં આવેલ પોલીસ નિવેદનની હકીકતોને સમર્થન આપેલ નથી.

આ સાહેદની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસ જોતા તેણી બનાવ સ્થળે ગયા ત્યારે ફરીયાદી ઈજા પામેલ હાલતમાં સ્થળ ઉપર પડેલા હતા અને આરોપીઓ ત્યાં હાજર ન હતા તેવી હકીકત સ્વીકારે છે. વધુમાં ફરીયાદીને કોણે ઈજા કરેલ તે ખબર નથી અને ફરીયાદીને કોઈકે ઈજા કરતા અને બુમાબુમ થતા પોતે સ્થળ પર ગયેલા તેવી હકીકત સ્વીકારે છે.

(૧૩) ફરીયાદપક્ષે આંક–૧૪ના દસ્તાવેજી લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. તે પૈકી આ કામે આંક–૨૫ થી આંક–૨૮ તથા આંક–૩૩ના રજુ થયેલ દસ્તાવેજી પુરાવા બચાવપક્ષે એડમીટ કરતા પુરાવાના કામે દાખલ થયેલ છે. આ કામે ઈજાપામનાર સાહેદે તેમજ તેઓના પત્નીએ અદાલત સમક્ષ સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતો પુરાવો આપેલ નથી ત્યારે આ દસ્તાવેજી પુરાવા ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતા નથી.

(૧૪) ફરીયાદપક્ષે આંક–૩૦થી સાહેદ પ્રકાશભાઈ ધીરૂભાઈ ઝાલાનો મૌખિક પુરાવો આપેલ છે. તે જોતા આ સાહેદ તા.૨૩/૧૦/૨૦૧૮ના રોજ ઉચ્છલ પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા અને તે સમયે પી.એસ.ઓ.એ સુરત હોસ્પિટલમાં જઈ ફરીયાદીની ફરીયાદ લેવા ડેપ્યુટ કરતા આ સાહેદ સુરત હોસ્પિટલમાં ગયેલા અને ફરીયાદીએ પોતાની ફરીયાદ હકીકત જાહેર કરતા આ સાહેદે તેઓના લખાવ્યા મુજબ ફરીયાદ લખી લીધેલ અને ત્યારબાદ તે ફરીયાદ ગુનો દાખલ થવા પોલીસ સ્ટેશનમાં આપવામાં આવેલ અને તેના આધારે ગુનો દાખલ થયેલ તેવી હકીકત જણાવેલ છે. વધુમાં આ સાહેદની જુબાની દરમ્યાન ફરીયાદીએ પોલીસ ફરીયાદની હકીકતને અદાલત સમક્ષની જુબાની દરમ્યાન સમર્થન આપેલ ન હોય તે વિરોધાભાષ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે.

આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ લેવામાં આવેલ છે અને ફરીયાદ લેવામાં આવી તે સમયે ફરીયાદીની સારવાર ચાલતી હતી અને ફરીયાદ લીધી તે સમયે ડોકટરની પરવાનગી લીધેલ ન હતી તેવી હકીકત સ્વીકારેલ છે. વધુમાં ઈન્કાર કરી શકાય તેવા સવાલો આ સાહેદને પુછવામાં આવેલ છે.

(૧૫) ફરીયાદપક્ષે આંક–૩૧થી ત.ક.અધિકારી રાજસંગ હીરાભાઈ લોહનો મૌખિક પુરાવો આપવામાં આવેલ છે. તે જોતા આ સાહેદ તા.૨૩/૧૦/૨૦૧૮ના રોજ ઉચ્છલ પોલીસ સ્ટેશનના ઈ.ચા.પી.એસ.આઈ. તરીકે ફરજ ઉપર હતા ત્યારે ગુનાની ફરીયાદ પોલીસ કર્મચારી પ્રકાશભાઈ ધીરૂભાઈ ઝાલાએ પો.સ્ટે.માં લાવી રજુ કરતા આ સાહેદે ગુનો દાખલ કરી આગળની તપાસ પોતે સંભાળી લીધેલ અને એફ.એસ.એલ.ના અધિકારીને સ્થળ પરીક્ષણ અહેવાલ રજુ કરવા જાણ કરેલ અને તેઓ સ્થળ પર આવતા તેમને સાથે રાખી ગુનાવાળી

જગ્યાનું પંચનામું કરેલ અને સ્થળ પરથી ત્રણ પથ્થર તથા લોહીવાળી રેતી તથા કંટ્રોલ સેમ્પલ રેતી કબજે કરેલી તેમજ ફરીયાદી સારવાર હેઠળ હોય તેનુ ડી.ડી. લેવા વર્ધી લખાવવા પી.એસ.ઓ.ને સુચના આપેલી અને સાહેદોના નિવેદનો લીધેલા અને ત્યારબાદ રેગ્યુલર પી.એસ.આઈ. હાજર થતા આગળની તપાસ સોંપેલી તેવી હકીકત જણાવેલ છે. આ સાહેદની જુબાનીમાં એફ.એસ.એલ. અધિકારીનો સ્થળ પરીક્ષણ અહેવાલ રજુ થયેલ છે.

આ સાહેદની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસ જોતા આ બનાવની પી.એસ.ઓ.એ જાણ કરતા ઉપરી અધિકારીની મંજુરી લઈ ફરીયાદ લેવા જવાબદાર પોલીસ અધિકારીને સુરત હોસ્પીટલમાં મોકલવા પી.એસ.ઓ.ને સુચના આપેલી તેવી હકીકત સ્વીકારે છે. સ્થળ પરનો રસ્તો પથ્થરવાળો હતો અને રસ્તો નવો બનાવતા હતા તે હકીકત પણ સ્વીકારે છે. આ સિવાય ઈન્કાર કરી શકાય તેવા સવાલો પુછવામાં આવેલા છે.

(૧૬) ફરીયાદપક્ષે આંક–૩૭થી ત.ક.અધિકારી વિજયભાઈ કરમશીભાઈ દેસાઈનો મૌખિક પુરાવો આપવામાં આવેલ છે. તે જોતા આ સાહેદ તા.૨૩/૧૦/૨૦૧૮ના રોજ ઉચ્છલ પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા અને પોતે હાજર ન હોવાથી ચાર્જ પી.એસ.આઈ. આર.એચ.લોહ પાસે હતો અને તેઓએ આ ગુનાની તપાસના કામે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલુ અને ત્યારબાદ પોતે ફરજ પર હાજર થતા ગુનાની તપાસ સંભાળી લઈ આરોપીઓની ધરપકડ કરેલ અને ગુનાના કામે હથિયાર તરીકે ઉપયોગમાં લીધેલ કુહાડી તથા લાકડી અને બનાવ સમયે આરોપીઓએ પહેરેલ કપડા પંચનામું કરી કબજે લીધેલા, એફ.એસ.એલ.માં મુદ્દામાલ મોકલવા રવાનગી નોંધ તૈયાર કરેલ, હથિયારબંધી જાહેરનામાની નકલ મેળવેલ, ઈજાપામનારે સારવાર લીધેલ તેનું સારવાર સર્ટીફીકેટ મેળવવા તજવીજ કરેલ, કલમ ઉમેરા માટેનો રીપોર્ટ કરેલ અને સાહેદોના નિવેદન લીધેલ તેવી હકીકત જણાવેલ છે. વધુમાં પોતાની બદલી થતા આ ગુનાની તપાસ પી.એસ.આઈ. પી.ડી.દવેને સોપેલ અને તેઓએ ઈજાપામનારનું સારવાર સર્ટીફીકેટ મેળવી એફ.એસ.એલ. ના પરીક્ષણ અહેવાલ મેળવી આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ તેવી હકીકત જણાવેલ છે. વધુમાં જુબાની સમયે આરોપીઓને તથા કબજે કરેલ મુદ્દામાલને ઓળખી બતાવેલ છે. વધુમાં આ સાહેદની જુબાની દરમ્યાન ફરીયાદપક્ષના સાહેદ મંજુલાબેન ગામીતે પોલીસ તપાસ દરમ્યાન લેવામાં આવેલ નિવેદનની હકીકતને અદાલત સમક્ષની જુબાની

દરમ્યાન સમર્થન આપેલ ન હોય તેવા વિરોધાભાષ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે.

આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ લેવામાં આવેલ છે તે જોતા ઈન્કાર કરી શકાય તેવા સવાલો પુછવામાં આવેલા છે.

(૧૭) સમગ્ર ચર્ચાના અંતે ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવો જોતા સાહેદ અનીતાબેન સતીષભાઈ ગામીતે ફરીયાદપક્ષના કેસને કંઈક સમર્થન આપતો પુરાવો આપેલો છે. પરંતુ તેઓએ આ બનાવ નજરે જોયેલ નથી અને તેણીના પિતાને આરોપીઓએ ઈજા કરેલ છે તેવી હકીકત તેણીના પિતાએ તેણીને જણાવેલ છે તેવી હકીકત રેકર્ડ ઉપર આવે છે. પરંતુ ઈજાપામનાર સાહેદે અદાલત સમક્ષની જુબાની દરમ્યાન આરોપીઓએ ઈજા કરેલ હોય તેવો પુરાવો આપેલો નથી ત્યારે આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને આરોપીઓ સામેનો કેસ સાબીત કરવામાં મદદરૂપ થતો નથી અને આ સાહેદના પુરાવા આધારે ફરીયાદપક્ષનો કેસ સાબીત થતો નથી તેમ માનુ છું. આ કામે ફરીયાદી (ઈજાપામનાર) શુકકરીયાભાઈ ગામીત તથા તેના પત્ની મંજુલાબેન ગામીતના મૌખિક પુરાવા જોતા આરોપીઓએ ઈજાપામનારને તહોમતનામા મુજબ ઈજા કરેલ હોય તેવો ફરીયાદપક્ષે સમર્થન મળે તેવો પુરાવો આપતા નથી. આ કામે ફરીયાદી મહત્વના સાહેદ છે. પરંતુ તેઓએ જ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતો પુરાવો આપેલ નથી ત્યારે અન્ય પુરાવો આરોપી સામેનો કેસ સાબીત કરવામાં ફરીયાદપક્ષને મદદરૂપ થતો નથી તેમ માનુ છું. સાહેદ મંજુલાબેન ગામીત પણ નજરે જોનાર સાહેદ નથી અને તેઓએ પણ ફરીયાદીને આરોપીઓએ ઈજા કરેલ હોય તેવો પુરાવો આપેલ નથી અને તેથી ફરીયાદપક્ષે આરોપી સામે જે તહોમત મુકેલ છે તે આ સાહેદોના પુરાવા પરથી સાબીત થતુ નથી તેમ માનુ છું. ફરીયાદપક્ષે ગુનાની ફરીયાદ લેનાર પોલીસ અધિકારી પ્રકાશભાઈ ઝાલાનો પુરાવો રજુ થયેલ છે તેનાથી પોલીસ ફરીયાદ લેવાની અને તેના આધારે પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવેલ છે તે માટેની કાયદા મુજબની કાર્યવાહી થયેલ છે તે હકીકત સાબીત થાય છે. આ કામે ત.ક.અધિકારીના મૌખિક પુરાવા રજુ થયેલા છે તેના પરથી આ ગુનાની કાયદા મુજબ પોલીસ તપાસ કરવામાં આવેલ છે તેટલી હકીકત સાબીત થાય છે. સાહેદ અનીતાબેન ગામીત કે મંજુલાબેન ગામીતનો ફરીયાદવાળો બનાવ નજરે જોયો હોય તેવો પુરાવો નથી. આ કામે એકમાત્ર ઈજાપામનાર સાહેદનો પુરાવો આરોપી વિરૂધ્ધ કેસ સાબીત કરવા મહત્વનો હતો. પરંતુ ફરીયાદીએ જ

અદાલત સમક્ષની કેસની કાર્યવાહી દરમ્યાન સોગંદ પરના પુરાવામાં ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતો પુરાવો આપેલ નથી અને તે સંજોગોમાં આરોપીઓ સામે આક્ષેપાયેલ તહોમત સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે તેમ માનુ છું. જેથી મુદ્દા નં.૧ તથા ૨ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

(૧) આરોપી (૧) દિલીપભાઈ રમેશભાઈ ગામીત, રહેવાસી : મીરકોટ, રેલ્વે ફળીયુ, તા.ઉચ્છલ, જી.તાપી તથા (૨) રમેશભાઈ નુરીયાભાઈ ગામીત, રહે.મીરકોટ, રેલ્વે ફળીયુ, તા.ઉચ્છલ, જી.તાપીને ઈ.પી.કો. કલમ–૩૦૭, ૧૧૪ તથા ગુજરાત પોલીસ ધારાની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે ક્રી.પ્રો.કોડ કલમ–૨૩૫(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) નામદાર હાઈકોર્ટમાં અપીલ થાય તો તે અપીલના હુકમને આધીન મુદ્દામાલના નિકાલની કાર્યવાહી કરવી. જો અપીલ ન થાય તો મુદ્દામાલનો નાશ અપીલ સમય વિત્યા બાદ કરવો.

(૩) દરેક આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ)(એમેન્ડમેન્ટ એક્ટ,૨૦૦૮) અન્વયે જો અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર થવા માટેના રૂા.૧૫,૦૦૦/–(અંકે પંદર હજાર)ના જામીન તથા જાતમુચરકો રજુ કરવો.

હુકમ આજ તારીખ ૨૧ મી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૧ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૧/૦૯/૨૦૨૧
સ્થળ : વ્યારા.
(U.N.GOHIL)

(સમીર વિનોદચંદ્ર વ્યાસ)
સેશન્સ જજ, તાપી, મું.વ્યારા.
(Code: GJ-00345)